CNR : GJDH080000692019

सत्य मेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૩૦/૦૧/૨૦૧૯ | | |
| રજી. તારીખ | : | ૩૦/૦૧/૨૦૧૯ | | |
| ફેસલ તારીખ | : | ૦૧/૦૭/૨૦૨૬ | | |
| સમય ગાળો | : | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | <u>૦૭</u> | <u>૦૫</u> | <u>૦૪</u> |

**<u>મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતમાં, મુ. ગરબાડા.</u>**

**ક્રિમીનલ કેસ નં.૬૨/૨૦૧૯.**
**આંક:-૭૧.**

શ્રી સરકાર ...........ફરીયાદી.

**<u>વિરૂધ્ધ.</u>**

(૧) મનુભાઇ ઝુમલાભાઇ પલાસ,
(૨) વિનોદભાઇ રૂમાલભાઇ પલાસ,
બંને રહે. આંબલી ખજુરીયા, ખાડા ફળીયા,
તા.ગરબાડા, જી.દાહોદ.
(૩) સંદીપભાઇ કનુભાઇ સોની,
રહે. જેસાવાડા, રામદેવ ચોક,
તા.ગરબાડા, જી.દાહોદ. ............આરોપીઓ.

**<u>ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૪, ૪૧૧, ૧૧૪ મુજબ.</u>**

ફરીયાદ પક્ષ તર્ફે વિ. એ. પી. પી. શ્રી એ. બી. તલાવીયા
<u>આરોપી પક્ષ તર્ફે વિ. વકીલ શ્રી એચ. એસ. નલવાયા</u>

**<u>-:: ચુકાદો ::-</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના તહોમતદારોએ તા.૧૪/૦૬/૨૦૧૮ ના કલાક ૧૨/૧૦ વાગ્યે મોજે નઢેલાવ ગામે ટેકરા પાસે રોડ ઉપર આ કામના ફરીયાદીબેન પાટીયા ગામેથી પોતાની નોકરી પૂર્ણ કર્યા બાદ પોતાની એકટીવા ગાડી નં.જી.જે. ૨૩ એ.કે. ૦૦૯૪ ની લઈને એકલા દાહોદ જવા માટે નીકળેલ તે વખતે આ કામના આરોપીઓએ એક સિલ્વર કલરની અપાચી મો.સા. વગર નંબરની લઈ આવી ફરીયાદીબેનને રોકી

મો.સા. પરથી ઉતરી ફરીયાદીબેને પહેરેલ સોનાની વીટી આશરે બે ગ્રામ વજનની કીમત રૂા.૪૫૦૦/– તથા સેમસંગ કંપનીનો જે–૫ મોબાઈલ કીમત રૂા.૩૦૦૦/– તથા પર્સમાં મુકેલ રોકડા રૂપિયા ૨૫૦૦/– મળી કુલ કીમત રૂા.૧૦,૦૦૦/– ની ચીજવસ્તુઓ બળજબરીથી કાઢી લઈ નાસી ગયેલ અને આરોપી (૩) મનુભાઈ ઝુમલાભાઈ પલાસનાને વીટી તથા મોબાઈલ વેચી આપવા આપેલ. સદરહું આરોપી મનુ ઝુમલાનાએ આરોપી નં.૪ સંદીપભાઈ કનુભાઈ સોનીના સોનાની વીટી ચોરીની જાણતો હોવા છતા રૂા.૫૦૦૦/– માં વેચાણ રાખી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ–૩૮૪, ૪૧૧, ૧૧૪ મુજબ ગુન્હો કરેલ છે, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ જાહેર કરેલ છે. ત્યારબાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આંક:૧ મુજબનું ચાર્જશીટ કરેલ.

(૨) આ ગુનાના કામે તપાસ કરનાર અમલદાર શ્રી દ્વારા આ કામના આરોપીઓની ધરપકડ કરી તેઓની વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરવામાં આવતા ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ આરોપીઓને કરવામાં આવેલ. સદરહું પ્રોસેસ આરોપીઓને બજવતા આરોપીઓ અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરી ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ–૨૪૦(૧) મુજબ આંક:૩૬ થી તહોમતનામુ ફરમાવી આંક:૩૭ થી આંક:૩૯ હેઠળ આરોપીઓનો જવાબ લેવામાં આવતા આરોપીઓ દ્વારા તેઓ વિરૂધ્ધનાં તહોમતનો ઈન્કાર કરવામાં આવતા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૪૨(૧) મુજબ ફરીયાદ પક્ષ તર્ફે આરોપીઓ વિરૂધ્ધ તહોમત પુરવાર કરવા માટે જરૂરી પુરાવા રજુ કરવા માટે હાલનો કેસ રાખવામાં આવેલ.

(૩) આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી કિંજલબેન પ્રવિણભાઈ પટેલ | ૩૩ |

| | | |
|---|---|---|
| ૨ | પંચ નવલસીંગ તેરસીંગ મકવાણા | ૩૬ |
| ૩ | પંચ રમણભાઇ નવલાભાઇ મકવાણા | ૩૯ |
| ૪ | પંચ દલસીંગભાઇ ભુરાભાઇ બામણીયા | ૪૦ |
| ૫ | પંચ માવસીંગભાઇ ચેનાભાઇ ભુરા | ૪૨ |
| ૬ | પંચ બાપુભાઇ નવાભાઇ ડામોર | ૪૪ |
| ૭ | સાહેદ પ્રજાપતિ બીપીનભાઇ રમેશચંદ્ર | ૪૭ |
| ૮ | પંચ જેમાલભાઇ ટીટુભાઇ પસાયા | ૪૮ |
| ૯ | પંચ મહેશભાઇ ગોકળભાઇ પરમાર | ૫૦ |
| ૧૦ | પંચ સંજય દેવીસિંહ વળવી | ૫૮ |
| ૧૧ | પંચ દલસીંગભાઇ ભુરાભાઇ બામણીયા | ૬૫ |
| ૧૨ | પંચ માવસીંગભાઇ ચેનાભાઇ ભુરા | ૬૭ |
| ૧૩ | ત.ક.અ. ભવાનભાઇ ભુરાભાઇ | ૬૯ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૩૪ |
| ૨ | શરીર સ્થિતિનું પંચનામુ. | ૩૭ |
| ૩ | શરીર સ્થિતિનું પંચનામુ. | ૩૮ |
| ૪ | ઓળખ પરેડનું પંચનામુ. | ૪૧ |
| ૫ | શરીર સ્થિતિનું પંચનામુ. | ૪૫ |
| ૬ | મુદામાલ રીકવરી પંચનામુ. | ૪૯ |
| ૭ | ઓળખ પરેડનું પંચનામુ. | ૫૯ |
| ૮ | ઓળખ પરેડનું પંચનામુ. | ૬૬ |
| ૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ. | ૭૦ |

(૪) ફરીયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેીજ પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીની મૌખિક વિનંતીના આધારે ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ જાહેર કરતા આ કામે આરોપી વિરૂધ્ધ પુરાવા રેકર્ડ ઉપર જણાઇ આવતા ન હોઇ, આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી તેમજ બચાવ પક્ષે કોઇ પુરાવો રજુ થયેલ નથી. ત્યારબાદ આ કામે વિ. એ. પી. પી. શ્રી તથા આરોપી પક્ષ તર્ફે વિ. વકીલ શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં

આવેલ છે.

(૫) ઉપરોકત હકિકતે આ કેસનાં નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદા ::–</u>**

મુદા નં.૧ : શું ફરીયાદ પક્ષ એ હકિકત નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના તહોમતદારોએ તા.૧૪/૦૬/૨૦૧૮ ના કલાક ૧૨/૧૦ વાગ્યે મોજે નઢેલાવ ગામે ટેકરા પાસે રોડ ઉપર આ કામના ફરીયાદીબેન પાટીયા ગામેથી પોતાની નોકરી પૂર્ણ કર્યા બાદ પોતાની એકટીવા ગાડી નં.જી.જે. ૨૩ એ.કે. ૦૦૯૪ ની લઈને એકલા દાહોદ જવા માટે નીકળેલ તે વખતે આ કામના આરોપીઓએ એક સિલ્વર કલરની અપાચી મો.સા. વગર નંબરની લઈ આવી ફરીયાદીબેનને રોકી મો.સા. પરથી ઉતરી ફરીયાદીબેને પહેરેલ સોનાની વીટી આશરે બે ગ્રામ વજનની કીમત રૂા.૪૫૦૦/– તથા સેમસંગ કંપનીનો જે–૫ મોબાઈલ કીમત રૂા.૩૦૦૦/– તથા પર્સમાં મુકેલ રોકડા રૂપિયા ૨૫૦૦/– મળી કુલ કીમત રૂા.૧૦,૦૦૦/– ની ચીજવસ્તુઓ બળજબરીથી કાઢી લઈ નાસી ગયેલ અને આરોપી (૩) મનુભાઈ ઝુમલાભાઈ પલાસનાને વીટી તથા મોબાઈલ વેચી આપવા આપેલ. સદરહું આરોપી મનુ ઝુમલાનાએ આરોપી નં.૪ સંદીપભાઈ કનુભાઈ સોનીના સોનાની વીટી ચોરીની જાણતો હોવા છતા રૂા.૫૦૦૦/– માં વેચાણ રાખી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ–૩૮૪, ૪૧૧, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

મુદા નં.૨ : શું હુકમ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો અને તેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: નિર્ણયો ::–</u>**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ફરીયાદ પક્ષ દવારા આરોપીઓ વિરૂધ્ધ ઈ. પી. કો. કલમ : ૩૮૪, ૪૧૧ , ૧૧૪ મુજબનાં ગુન્હાઓનું તહોમત મુકવામાં આવેલ છે. સદરહું કલમમાં કરવામાં આવેલી જોગવાઈઓ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**<u>ઈ. પી. કોડ કલમ–૩૮૪.</u>**

જે કોઈ વ્યકિત, બળજબરીથી કંઈ કાઢાવી લેવાનો ગુનો કરે, તેને ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**<u>ઈ. પી. કોડ કલમ–૪૧૧.</u>**

જે કોઈ વ્યકિતનો ચોરીનો માલ, તે ચોરાયેલો છે, એવું જાણવા છતાં અથવા પોતાને અમે માનવાને કારણ હોવા છતાં બદદાનતથી લે અથવા રાખે, તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**<u>ઈ. પી. કોડ કલમ–૧૧૪.</u>**

પોતે હાજર ન હોય અને પોતે કુરેલા દુષ્યેરણના પરીણામે થયેલા જે કૃત્ય માટે દુમ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવું કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

(૮) ઉપરોકત મુદાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કારણો ::–</u>**

આ કામે બંને મુદાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકિકતોનું પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંને મુદાની ચર્ચા એકસાથે કરવામાં આવેલી છે.

**<u>મુદા નં.૧.</u>**

(૯) ફરીયાદ પક્ષે આંક:૩૩ થી ફરીયાદી કિંજલબેન પ્રવિણભાઇ પટેલને

સોગંદ પર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, ''સદર બનાવ સને ૨૦૧૮ ની સાલમાં સ્કુલ ખુલ્યાના બેત્રણ દીવસ બાદ બનેલ. તે દીવસે હું વહેલી સવારે મારા ઘરેથી નીકળી પાટીયા પ્રાથમિક શાળામાં નોકરીએ ગયેલ અને સ્કુલનો સમય બાર વાગ્યે પુરો થતા હું મારી એકટીવા જીજે.૨૪.એ.કે. ૦૦૯૪ લઈને હું એકલી દાહોદ જવા માટે નીકળેલ ત્યારે નઢેલાવ ટેકરા પાસેથી હું પસાર થતી હતી ત્યારે બે અજાણ્યા ઈસમ અપાચી કંપનીની મો.સા. લઈને આશરે ત્રીસેક વર્ષના આવેલા અને મારી ગાડી રોકી મને નીચે ઉતારી એકટીવાની ગાડીની ચાવી કાઢી લઈ, પૈસાની માંગણી કરતા હું ગભરાઈ ગયેલી અને હાથમાં પહેરેલ સોનાની બે ગ્રામ વજનની તથા સ્કુટીની ડીકી માંણસ પર્સ કાઢી લીધેલ જેમાં મુકેલ સેમસંગ કંપનીનો મોબાઈલ તથા રૂ.૪ થી પાંચ હજાર રોકડા મળી કુલ રૂ.૧૦,૦૦૦/- મારી પાસેથી પડાવી લઈ, પોતાની બાઈક ઉપર જતા રહેલા. ત્યાર બાદ મે મારા પતિને બનાવની વાત કરેલી અને તા.૩/૭/૧૮ ના રોજ જેસાવાડા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. ત્યાર બાદ સોનાની વીટી અને મોબાઈલ કોર્ટમાંથી છોડાવતા મળી ગયેલ. **મો.સા. ઉપર આવેલ અજાણ્યા ઈસમની મો.સા.નો નંબર હું ગભરાઈ ગયેલ હોઈ જોયેલ નહી. તેઓએ પોતાના મોં કપઢાથી બાંધલે હોઈ હું જોયેથી ઓળખી શકું નહી**. બનાવ બાબતે મેં જેસાવાડા પો.સ્ટે. માં કરિયાદ આપેલી. જેમાં મારી સહી છે જે હું આળખી બતાવું છું. જેને રજુ દાખલ આંક:૩૪ આપવામાં આવે છે.'' <u>સદર ફરીયાદી તેમની આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''એ વાત ખરી છે કે બનાવવાળો રસ્તો પાકો રસ્તો છે. આ રોડ ઉપર વાહનોની અવર જવર હોય છે. એ વાત ખરી છે કે વીટી અને પૈસા મારા રૂબરૂ રજુ કરેલ હોય એવું બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવની ફરીયાદ અઢાર દિવસ બાદ લેવામાં આવેલ. **એ વાત ખરી છે કે આરોપીઓના મોઢા ઢાંકેલ હોવાથી હું ઓળખી શકું નહીં. એ વાત ખરી છે કે આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ નહી.** એ વાત ખરી છે કે અજાણ્યા ઈસમો વિરુબ્ધ ફરિયાદ આપેલી. **એ વાત ખરી છે કે આરોપીઓનું વર્ણન**

**મને ખ્યાલ નથી**.''

(૧૦) ફરીયાદ પક્ષે આંક:૪૭ થી સાહેદ પ્રજાપતિ બીપીનભાઇ રમેશચંદ્રને સોગંદ પર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, ''હું સને ૨૦૧૪ ની સાલથી પાટીયા નેળ ફળીયા પ્રાથમિક શાળમાં મારી ફરજ બજાવું છું અને હાલમાં પણ ત્યા જ છું. હું આ કામના ફરીયાદી કીજલબેન પ્રવીશભાઈને ઓળખું છું જેઓ અમારી બાજુની શાળા પાટીયા ઘુઘેલાવ, તા. ગરબાડા, જી.દાહોદ ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવતા હોઈ હું ઓળખું છું. બનાવને ઘણો સમય થઈ ગયેલ હોઈ ચોકકસ તારીદ યાદ નથી પરંતું બનાવ શાળા છુટયા બાદ બપોરે બાર વાગ્યા આસપાસ બનેલો. હું રાબેતા મુજબ મારા શાળાએથી સ્પલેનડર મો.સા. પર મારા ઘરે જતો હતો. મારી પાછળ તેમની એકટીવા પર કીંજલબેન આવતા હતા. નઢેલાવ ટેકરા પાસે પહોંચતા મે મારી મો.સા.ના સાઈડ ગ્લાસમાંથી નજર કરતા કીજલબેનની એકટીવાને બે અજાણ્યા માણસોએ એકટીવા રોકેલી અને મે મારી મો.સા. થોડી આગળ જઈને ઉભી રાખેલી. તયાર બાદ થોડી વાર પછી કીંજલબનને રોકનાર અજાણ્યા મો.સા. સવાર ત્યાંથી જતા રહયા બાદ કીજલબેન મારી પાસે આવેલા. અને તેમણે જણાવેલ કે બે અજાણ્યા ઈસમ અપાચી કંપનીની મો.સા. લઈને આશરે ત્રીસેક વર્ષના આવેલા અને મારી ગાડી રોકી મને નીચે ઉતારી એકટીવાની ગાડીની ચાવી કાઢી લઈ, પૈસાની માંગણી કરતા હું ગભરાઈ ગયેલી અને હાથમાં પહેરેલ સોનાની બે ગ્રામ વજનની તથા સ્કુટીની ડીકી માંણસ પર્સ કાઢી લીધેલ જેમાં મુકેલ સેમસંગ કંપનીનો મોબાઈલ તથા રૂ.૪ થી પાંચ હજાર રોકડા મળી કુલ રૂ.૧૦,૦૦૦/– મારી પાસેથી પડાવી લઈ, પોતાની બાઈક ઉપર જતા રહેલ એવી વાત કરેલી. **આ અજાણ્યા ઈસમોના નામ તથા તેઓની મો.સા.નો રજી નંબર શું હતો તથા તેઓ કઈ મો.સા. પર આવેલા તે બાબતની મને કોઈ માહીતી નથી.** બનાવ બાબતે કીજલબેને જેસાવાડા પો.સ્ટે. ફરીયાદ આપેલી. હું કીજલબેન સાથે પો.સ્ટે. ગયેલો નહી. **પોલીસે મારી કોઈ પુછપરછ કરેલી નહી**.'' સદર સાહેદની આરોપી તર્ફે ઉલટ

<u>તપાસ કરવામાં આવેલ નથી.</u>

(૧૧) ફરીયાદ પક્ષે આંક: થી ત.ક.અ. ભવાનભાઇ ભુરાભાઇને સોગંદ પર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, ''ગઈ તા.૩/૭/૨૦૧૮ ના રોજ હું એ.એસ.આઈ., તરીકે જેસાવાડા પો.સ્ટે. માં ફરજ બજાવતો હતો તે દરમ્યાન આ કામના ફરીયાદી કીજલબેન પ્રવીણભાઈ પટેલ નાઓએ જેસાવાડા પો.સ્ટે. ના ફર્સ્ટ ગુના રજી નંબર ૪૩/૧૮, ઈપીકો કલમ ૩૮૪, ૪૧૧, ૧૧૪ મુજબના ગુનાની ફરીયાદ આપતા પી.એસ.આઈ. કે.વી.ડીડોરનાઓ રુબરુ આપતા પીએસઓ ચન્દુકાન્ત પંઢરીનાથનાઓએ ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ નોધી લઈ તે મુજબનો ગુનો રજી કરી આગળની તપાસ અમારી તરફ મોકલતા અમોએ તપાસ સંભાળેલી. સદર તપાસના કામે તારીખ ૪/૯/૨૦૧૮ ના રોજ કલાકના ૯/૦૦ થી ૯/૩૦ દરમ્યાન પંચો રુબરુ અમોએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ જેમાં પંચો ના અંગુઠાનું નીશાન તથા મારી સહી છે. જે હું ઓળખું છું. જે આજરોજ મારી સાથે લાવેલ છુ જેને રજુ દાખલ આંક:૭૦ આપવામાં આવે છે. સદર તપાસના કામે અમોએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. ત્યારબાદ અમારી બદલી થતા આગળની તપાસ પીએસઆઈ શ્રી કે.વી.ડીડોર નાઓએ સંભાળેલી. ત્યારબાદ તેમની બદલી થતા આગળની તપાસ પી.એસ.આઈ શ્રી પી.બી. જાદવના ઓએ સંભાળેલી. તપાસના કામે તેમણે તા.૧૬/૧૦/૧૮ ના કલાકના ૧૮/૩૦ થી ૧૯/૦૦ દરમ્યાન પંચો રુબરુ આરોપી મનુભાઈ જુમલાભાઈ પલાસનાઓનું શરીર સ્થીતીનું પંચનામું કરેલ. જેમાં પંચો તથા પીએસઆઈ પી.બી.જાદવનાઓની સહી છે જે ઓળખુ છુ જે હાલના કામે આંક-૪૫ થી રજુ છે. ત્યારબાદ તેમની બદલી થતા આગળની તપાસ પીએસઆઈ શ્રી પી.એમ. મકવાણા નાઓએ સંભાળેલી. તપાસના કામે પીએસઆઈ પી.એમ. મકવાણાનાઓએ તા.૧૬/૧૦/૧૮ ના કલાકના ૨૦/૪૫ થી ૨૧/૧૫ દરમ્યાન આરોપી મનુ ઝુમલા પલાસનાઓનું શરીર સ્થીતીનું પંચનામું કરેલ જેમાં પંચો તથા પીએસઆઈ પી.એમ.

મકવાણાની સહી છે જે હું ઓળખુ છુ જે હાલના કામે આંક–૩૭ થી રજુ છે. તપાસના કામે પીએસઆઈ પી.એમ.મકવાણાના ઓઅ તા. ૧૬/૧૦/૧૮ ના કલાકના ૨૦/૧૫ થી ૨૦/૪૨ દરમ્યાન આરોપી વિનોદ રુમાલ પલાસનાઓનું શરીર સ્થીતીનું પંચનામું કરેલ જેમાં પંચો તથા પીએસઆઈ પી.એમ. મકવાણાની સહી છે જે હું ઓળખુ છુ જે હાલના કામે આંક–૩૮ થી રજુ છે. સદર તપાસના કામે તા.૨૫/૧૦/૧૮ ના કલાકના ૧૨/૨૫ થી ૧૩/૦૫ દરમ્યાન પી.એસ.આઈ પી.એમ.મકવાણાનાઓએ પંચો રુબરુ આરોપીઓને અકેઝીક્યુટીવ મેજી. ગરબાડા રુબરુ ઓળખ પરેડ કરાવેલ. જેમા પંચો તથા પી.એસ.આઈ. પી.એમ. મકવાણા તથા એકઝીકયુટીવ મેજી., ગરબાડાનાઓની સહી છે જે હું ઓળખુ છુ જે હાલના કામે આંક–૪૫ થી રજુ છે. સદર તપાસના કામે પી.એમ.મકવાણાનાઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. તેમજ પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ. તથા આરોપી નં.૧ મજુભાઈ જુમલાભાઈ પલાસ નાઓને તા.૧૬/૧૦/૧૮ ના કલાકના ૨૧/૧૫ વાગે, આરોપી નં. ૨ વિનોદ રુમાલ પલાસનાઓને તા.૨૨/૧૦/૧૮ ના કલાકના ૨૦/૪૫, આરોપી નં.૩ સંદીપ કનુભાઈ સોની નાઓને તા.૨૫/૧૦/૧૮ ના કલાકના ૧૩/૪૫ વાગે અટક કરેલ. તેમજ આરોપી પરી ઉર્ફે પ્રવીણભાઈ મથુરભાઈ પલાસ રહે. આંબલી ખજુરીયા, તા.ગરબાડા નાઓને નાસતા ફરતા જાહેર કરેલા.આરોપીઓને હું જોયેથી ઓળખી શકું.'' <u>સદર ત.ક.અ. તેમની આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''એ વાત ખરી છે કે મે જેસવાડા પો.સ્ટે. માં લાંબા સમય સુધી નોકરી કરેલ હોઈ જેથી નામચીન વ્યકિતઓને ઓળખું છું. **એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યા વસ્તી વાળો એરીયા છે.** એ વાત ખરી નથી કે અમોએ સ્વતંત્ર સાહેદના નીવેદનો સદર કામે લીધેલ નથી. એ વાત ખરી નથી કે અમોએ પંચનામા પોલીસ સ્ટેશનમાં બેસી તૈયાર કરેલા અને પાછળથી પંચોની સહીઓ લીધેલ. એ વાત ખરી નથી કે પકડાયેલ આરોપીઓને અમોએ એકઝીકયુટીવ મેજી. સમક્ષ ઓળખ

પરેડ કરેલ નથી. **એ વાત ખરી છે કે ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપીઓની કોઈ ચોકકસ ઓળખ અંગે જણાવેલ નહી.** એ વાત ખરી નથી કે સદર આરોપીઓને ખોટી રીતે ગુનામાં સંડોવી લઈ ફરીયાદના સમર્થનમાં આજરોજ ખોટી જુબાની આપુ છું.''

(૧૨) ફરીયાદપક્ષે આંક:૩૬ થી પંચસાહેદ નવલસીંગ તેરસીંગ મકવાણા તથા આંક:૩૯ થી પંચસાહેદ રમણભાઈ નવલાભાઈ મકવાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં આંક:૩૭, આંક:૩૮ વાળા શરીર સ્થિતિનાં પંચનામામાં માત્ર તેમની સહી અળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરતા ન હોઈ, તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી વિ. એ. પી. પી. શ્રી દ્વારા તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. <u>સદર પંચસાહેદોની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.</u>

(૧૩) ફરીયાદપક્ષે આંક:૪૦ થી પંચસાહેદ દલસીંગ ભુરાભાઈ બામણીયા તથા આંક:૪૨ થી પંચસાહેદ માવસીંગ ચેનાભાઈ ભુરાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં આંક:૪૧ વાળા ઓળખ પરેડનાં પંચનામામાં માત્ર તેમની સહી અળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરતા ન હોઈ,તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી વિ. એ. પી. પી. શ્રી દ્વારા તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. <u>સદર પંચસાહેદોની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.</u>

(૧૪) ફરીયાદપક્ષે આંક:૪૪ થી પંચસાહેદ બાપુભાઈ નવાભાઈ ડામોર તથા આંક:૫૦ થી પંચસાહેદ મહેશભાઈ ગોકળભાઈ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં આંક:૪૫ વાળા શરીર સ્થિતિનાં પંચનામામાં માત્ર તેમની સહી અળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરતા ન હોઈ, તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી વિ. એ. પી. પી. શ્રી દ્વારા તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની

હકિકતોને સમર્થન કરતા નથી. સદર પંચસાહેદોની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૫) ફરીયાદપક્ષે આંક:૪૮ થી પંચસાહેદ જેમાલભાઈ ટીટુભાઈ વળવીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં આંક:૪૯ વાળા સોનાની વીટી કબ્જે કર્યાનાં પંચનામામાં માત્ર તેમની સહી અળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરતા ન હોઈ, તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી વિ. એ. પી. પી. શ્રી દ્વારા તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. સદર પંચસાહેદોની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૬) ફરીયાદપક્ષે આંક:૫૮ થી પંચસાહેદ સંજય દેવીસિંહ વળવીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં આંક:૫૯ વાળા ઓળખ પરેડનાં પંચનામામાં માત્ર તેમની સહી અળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરતા ન હોઈ,તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી વિ. એ. પી. પી. શ્રી દ્વારા તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. સદર પંચસાહેદોની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષે આંક:૬૫ થી પંચસાહેદ દલસીંગ ભુરાભાઈ બામણીયા તથા આંક:૬૭ થી પંચસાહેદ માવસીંગ ચેનાભાઈ ભુરાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં આંક:૬૬ વાળા ઓળખ પરેડનાં પંચનામામાં માત્ર તેમની સહી અળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરતા ન હોઈ,તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી વિ. એ. પી. પી. શ્રી દ્વારા તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. સદર પંચસાહેદોની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૮) સદર કામે ઉપરોકત રજુ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી તથા સાહેદે પોતાની જુબાનીમાં બે અજાણ્યા માણસોએ

ફરીયાદીને લુંટી લીધેલાની હકિકત જણાવેલ છે, પરંતુ આરોપીઓએ મોઢે કપડું બાંધેલ હતુ, તેથી તેઓએ અળોખી શકુ નહીં, તેવી હકિકત ફરીયાદીએ જણાવેલ છે. આ સિવાય કોઈ નજરે જોનાર સાહેદ નથી. ફરીયાદીની જુબાનીથી હાલના આરોપી જ ગુનામાં હતા, તેવી ઓળખ પુરવાર થતી નથી. જેથી તેઓના પુરાવાથી આ કામના આરોપીઓએ ફરીયાદ હકિકત મુજબનું કોઈ ગુનાહિત કૃત્ય કરેલ હોય, તેવો પુરાવો ફરીયાદી તથા સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવતો નથી. ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ તમામા પંચસાહેદોએ પંચનામાની હકિકતોને સમર્થન કરેલ નથી, જેથી ફરીયાદ પક્ષ ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આરોપીની ઓળખ પરેડનું પંચનામુ અને મુદામાલ કબજે કર્યાનું પંચનામુ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. આમ, ફરીયાદ પક્ષે રજુ તમામ પુરાવો વંચાણે લેતા આ કામના આરોપીઓને ગુનાસાથે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી તેમજ હાલના આરોપીઓએ જ આ કામના ફરીયાદીને રોકી તેમની પાસેથી સોનાની વીંટી, મોબાઈલ કે રોકડ રકમની લુંટ કરેલ હોય, તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદ પક્ષનાં પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ આરોપીઓને કોઈ ઓળખી પણ બતાવેલ નથી. આમ, ઉપરોકત રજુ પુરાવો ધ્યાને લેતા ફરીયાદી તથા સાહેદોની જુબાનીમાં ફરીયાદની હકિકતથી તદન મહત્વનો વિરોધાભાષ હોઈ, વિશ્વાસ અને સચ્ચાઈ પુરતો પુરાવો નથી. આમ, જ્યારે સાહેદ પોતાના કેસને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબીત કરવામાં સદંતર નિષ્ફળ રહેતા હોય અને પડેલ પુરાવાથી કોર્ટને એવું જણાઈ આવે કે, બાકી સાહેદોને તપાસવાથી પણ ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબીત કરવામાં સફળ થાય તેમ નથી ત્યારે કોર્ટને વધુને વધુ સાક્ષીઓ તપાસવાની ઔપચારીકતા નિભાવીને કોર્ટનો મુલ્યવાન સમય વેડફવો ન જોઈએ અને ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટ દુવારા પોતાના ચુકાદા જેવા કે, **(૧ ) ૧૯૯૬(૩) કાઈમ્સ પાના નંબર : ૮૫ સતીષ મહેતા વિ. દિલ્હી એડમીનેસ્ટ્રેશન અને (૩) ૨૦૦૮(૩) કિ. લો. જર્નલ– ૨૨૪૩,**

**મુદન મોહન અબ્બોટ વિ. સ્ટેટ ઓફ પંજીબ અને હરીયાણા** – સુપ્રિમ કોર્ટમાં પ્રસ્થાપિત કરેલ છે. સદર સિધ્ધાંતને અનુસરીને અત્રેની અદાલત દ્વારા ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કરેલ છે અને પડેલ પુરાવાથી ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ માટે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-::: આખરી હુ ક મ :::-</u>**

(૧) આ કામના આરોપી (૧) મનુભાઈ ઝુમલાભાઈ પલાસ (૨) વિનોદભાઈ રૂમાલભાઈ પલાસ, બંને રહે. આંબલી ખજુરીયા, ખાડા ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ (૩) સંદીપભાઈ કનુભાઈ સોની, રહે. જેસાવાડા, રામદેવ ચોક, તા.ગરબાડા, જી.દાહોદ વાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે ઈન્ડીયન પીનલ કોડની કલમ : ૩૮૪, ૪૧૧, ૧૧૪ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આ કામના પ્રત્યેક આરોપીને ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૪૩૭(એ) અન્વયે હુકમ તારીખથી ૬ માસ સુધીના રૂા.૫૦૦૦/–ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવાનો અથવા તો તેમના અગાઉના જામીનદાર જામીન તરીકે ચાલુ રહેવા માંગતા હોય તો તે મુજબની પુરસીસ રજુ રાખવાનો આથી આદેશ કરવામાં આવે છે.

(૩) આ કામે ફરીયાદીને તેમનો મુદામાલ મળી ગયેલ હોઈ, મુદામાલ અન્વયે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તારીખ : ૦૧ લી, માંહે : જુલાઇ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૭/૨૦૨૬.
સ્થળ : ગરબાડા,

(રોહીત હરમાનભાઈ સોલંકી)
જયુડી, મેઝી, ફ. ક., ગરબાડા.
UIC–GJ01633